सत्य मेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૧–૦૮–૨૦૨૩ | | |
| રજી. તારીખ | : | ૧૧–૦૮–૨૦૨૩ | | |
| નિકાલ તારીખ | : | ૧૧–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

## રાજુલાનાં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
## શ્રી આર.વી.સોની સાહેબની કોર્ટ સમક્ષ. મું.રાજુલા

**ફોજદારી કેસ નં.૧૬૦૯/૨૦૨૩**
**આંક :–**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધ**

આરોપી : (૧). મમદભાઈ ઉર્ફે મામદ ઉર્ફે મહમદ વલ્લભભાઈ પરમાર
ઉ.વ.આ.૩૨,
રહે.બાબરીયાધાર, પાવર હાઉસ પાસે, દે.પુ.વાસ
તા.રાજુલા,જિ.અમરેલી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ગુન્હો :** **ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ....**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**અપિયરન્સ :–**
સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એમ.ત્રિવેદી
આરોપી તરફે વિ. વ.શ્રી વી.એમ.લાલવાણી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

**-: ચુકાદો :-**

(૧).. ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી પોતાના આંબાને પાણી પીવડાવી રસ્તા પર બેઠેલ હતા તે વખતે કોલમ નંબર ૦૧મા દર્શાવેલ આરોપી પોતાના હાથમા કુહાડી લઇ ફરીયાદી પાસે આવી તહોમતદારે "તુ અહીયા મારા ઘરની સામે કેમ બેઠો રહે છે? સુરત કેમ જતો નથી" તેવુ ફરીયાદીને કહી ત્હોમતદારે કુહાડીનો એક ઘા ફરીયાદીના માથાના ભાગે મારી ફરીયાદીના માથાના ભાગે ઈજા કરી ચાર ટાકા લાવી, કુહાડીનો બીજો ઘા ફરીયાદીના ડાબા હાથ પર મારી, ફરીયાદીના ડાબા હાથમા ફ્રેક્ચર કરી, ત્રીજો ઘા મારવા જતા ફરીયાદીએ ત્હોમતદારના હાથમાં રહેલ કુહાડી પકડતા ફરિયાદીના જમણા હાથની પહેલી આંગળી પર કુહાડી વાગતા ઈજા કરી આંગળી પર ચાર ટાંકા લાવી, કુહાડીના હાથા વડે ફરિયાદીના શરીરે આડેધડ મુઢમાર મારી, ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, મહે.અધિક જિલ્લા મેજી. સાહેબ અમરેલીનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ-**૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી સદર ગુના બાબતની ફરીયાદ સંબંધીત પો.સ્ટે.માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૨).. આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા ફો.કા.અ.ની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ **આંક-૦૫** થી તહોમતનામું ફરમાવી, આરોપીનો **આંક -૦૬ થી** જવાબ લેવામાં આવતાં સદરહું આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

(અ) મૌખિક પુરાવા :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરીયાદી કાળુભાઈ બાબુભાઈ પરમારની જુબાની |
| ૨. | ૧૪ | પંચ સાહેદ ઈસુબભાઈ હાજીભાઈ કલાણીયાની જુબાની |
| ૩. | ૧૬ | પંચ સાહેદ જીતુભાઈ રાવતભાઈ રેણુકાની જુબાની |
| ૪. | ૨૦ | પંચ સાહેદ રાજુભાઈ ગેલાભાઈ સોનરાતની જુબાની |
| ૫. | ૨૧ | પંચ સાહેદ છગનભાઈ બાવભાઈ બારૈયાની જુબાની |
| ૬. | ૨૨ | સાહેદ રાઘવભાઈ પુંજાભાઈ પરમારની જુબાની |
| ૭. | ૨૩ | સાહેદ ભોળાભાઈ રાઘવભાઈ પરમારની જુબાની |

(બ) દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદ |
| ૨. | ૧૫ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩. | ૧૭ | અટક પંચનામું |
| ૪. | ૨૫ | સારવાર સર્ટીફીકેટ |
| ૫. | ૨૬ | એમ.એલ.સી.સર્ટીફીકેટ |
| ૬. | ૨૭ | હથિયારબંધીનુ જાહેરનામું |

આ કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી દ્વારા આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ મૌખિક રીતે જાહેર કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

ઉપરોકત પુરાવા રજુ થયા બાદ આ કામે મુળ ફરિયાદી અને ઈજાપામનાર કાળુભાઈ પરમાર અને આ કામના આરોપી દવારા આંક–૨૪ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલ છે. જે અન્વયે આરોપીને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૩૨૩ તથા ૩૨૫ અન્વયે ગુનાના તહોમતમાંથી ક્રિમિનલ પ્રોસીજર કોર્ડ ૧૯૭૩ ની કલમ–૩૨૦(૮) અન્વયે નિર્દોશ ઠરાવી છોડી મુકવાની અને બાકીના તહોમત માટે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

(૪) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફો.કા.અ.ની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા માંહેની હકીકતનો ઈન્કાર કરેલ છે અને આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, ખોટી ફરીયાદ કરેલ હોય તેમજ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. વધુમાં,આરોપીએ તેઓ સોગંધ પર જુબાની આપવા કે બચાવમાં સાહેદ તપાસવા માગતા ન હોવાનુ જણાવેલ છે.

(૫).. આ કેસની ઉપરોકત હકીકતો તથા ઉપરોકત કાયદાકીય સીધ્ધાંત ધ્યાને લેતા આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧).. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી પોતાના આંબાને પાણી પીવડાવી રસ્તા પર બેઠેલ હતા તે વખતે કોલમ નંબર ૦૧મા દર્શાવેલ આરોપી પોતાના હાથમા કુહાડી લઈ ફરીયાદી પાસે આવી તહોમતદારે "તુ અહીયા મારા ઘરની સામે કેમ બેઠો રહે છે? સુરત કેમ જતો નથી" તેવુ ફરીયાદીને કહી ત્હોમતદારે કુહાડીનો એક ઘા ફરીયાદીના માથાના ભાગે મારી ફરીયાદીના માથાના ભાગે ઈજા કરી ચાર ટાકા લાવી, કુહાડીનો બીજો ઘા ફરીયાદીના ડાબા હાથ પર મારી, ફરીયાદીના ડાબા હાથમા ફ્રેક્ચર કરી, ત્રીજો ઘા મારવા જતા ફરીયાદીએ ત્હોમતદારના હાથમાં રહેલ કુહાડી પકડતા ફરિયાદીના જમણા હાથની પહેલી આંગળી પર કુહાડી વાગતા ઈજા કરી આંગળી પર ચાર ટાંકા લાવી, કુહાડીના હાથા વડે ફરિયાદીના શરીરે આડેધડ મુઢમાર મારી, ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, મહે.અધિક જિલ્લા મેજી. સાહેબ અમરેલીનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ- **૩૨૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં, (૨) આખરી હુકમ મુજબ.

**ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

**-:: કા ર ણો ::-**

(૦૭).. ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદપક્ષે સૌપ્રથમ આંક-૦૯ થી આ કામના મુળ ફરીયાદી કાળુભાઈ બાબુભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''આ કામનો બનાવ આશરે એક વર્ષ અગાઉ બનેલો હતો. બાબરીયા ધાર ગામ પાસે પાવર હાઉસ પાસે મારી વાડી આવેલ છે જે વાડીએ હુ આંબાને પાણી પાઈને બેઠલ હતો ત્યારે મહમદભાઈ વલ્લભાઈ હાથમા કુહાડી લઈને આવેલા હતા. અને મને કહેલ કે તુ અહીયા રહેતો નહી નહીતર તને મારી નાખીશ તેમ કહી તેણે તેના હાથમા રહેલ કુહાડીનો એક ઘા મારા ડાબા હાથમાં મારતા ત્યાથી લોહી નીકળવા લાગેલુ અને બીજો ઘાર કરતા મે હાથ આડો કરતા મારા જમણા હાથની પહેલી આંગળીએ કુહાડી વાગેલી. જેથી હુ દેકારો કરતા આ વખતે રાઘવભાઈ પુજાભાઈ તથા ભોળાભાઈ રાઘવભાઈ આવી જતા મને વધુ માર માંથી છોડવોલો. આ મહમદે મને માથાના ભાગે કુહાડીનો ઘા મારેલો અને મને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. મને અમારા ગામના સરપંચ જાદવભાઈએ ૧૦૮ એબ્યુલન્સ બોલાવીને મને ખુટવડા દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યા પ્રાથમિક સારવાર આપી મારા ડાબા હાથે ફેકચર હોવાથી મને વધુ સારવાર માટે ડો. ધીરજભાઈ આહીરને ત્યા મહુવા વધુ સારવાર માટે દાખલ થયેલો. મે આ મહમદભાઈમ વિરુધ્ધ રાજુલા પો. સ્ટે.માં ફરીયાદ આપેલી. જે ફરીયાદ મા મારા અગુંઠાનુ નીશાન છે જે ઓળખી બતાવુ છુ. તેને દાખલ **આંક-૧૦** આપવામાં આવે છે. આરોપીને હુ ઓળખુ છુ. જે કોર્ટ રુમમા હાજર છે તે તેજ છે.''

ત્યારબાદ,બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, ''એવાત ખરી છે કે હુ અભણ છુ ભણેલો નથી. એ વાત ખરી નથી કે હુ તથા આરોપી અમો બંને એકજ જ્ઞાતિના છીએ. એ વાત ખરી છે કે અમો એકજ ગામમા રહી એ છીએ. હુ દવાખાને ૪-૦૦ વાગયે ગયેલ હતો. પોલીસ દવાખાને મારી પાસે બે દિવસ પછી આવેલી હતી. એ વાત ખરી છે કે મે ડોકટરને મહમદે મને માર મારેલા ની હકિકત જણાવેલી. પોલીસે મારી મહુવા એકજ વાર ફરીયાદ લેવા આવેલી હતી. એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં એ વી હકિકત લખાવેલ છે કે, ભોળાભાઈ તથા રાઘવભાઈ કોઈ મને બચાવવા આવેલ નહી. દવાખાને અમારા ગામના સરપંચ જાદવભાઈ તથા મારા કાકના દિકરા મારી સાથે હતા. મહુવા મારી સારવાર ચાલુ હતી ત્યારે પોલીસ મારી ફરીયાદ ત્યા લેવા આવેલી હતી. એ વાત ખરી નથી કે આરોપીના બાપુજીએ સારવાર માટે રૂા. ૨૦,૦૦૦/- આપેલા હતા. પોલીસે મારી ફરીયાદ લીધા બાદ મને વાચી સંભાળવેલી નહી. હવે હુ કહુ છુ કે મને વાચી સંભાળેલી હતી. એ વાત ખરી નથી કે પોલીસે મને ફરીયાદ વાંચી સંભળાવેલી નહી. એ વાત ખરી નથી કે, હુ આંબાને પાણી પાતો હતો ત્યારે પડી જવાથી મને ઈજાઓ થયેલી.એ વાત ખરી

છે કે મહુવા દવાખાને સરપંચ હાજર ન હતા.એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ, સરનામુ અને ઉમર અને મારી જ્ઞાતિ વિશે પુછેલુ તે સિવાય બીજુકાઈ પુછેલ નથી. એ વાત ખરી નથી કે તમને કોઈ એ માર મારેલ નથી પરંતુ પડી જવાથી ઈજા થયેલી.''

(૭.૧).. ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૧૫ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવા સારુ આંક–૧૪ થી પંચ સાહેદ ઈસુબભાઈ હાજીભાઈ કલાણીયાનાઓને તથા આંક–૨૦ થી પંચ સાહેદ રાજુભાઈ ગેલાભાઈ સોનરાતનાઓને તપાસવામા આવેલ છે. સદર સાહેદોની જુબાની ધ્યાને લેતા તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલ હોવાની અને તે સીવાય તેઓ કંઈ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે. સદર પંચ સાહેદોની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેમજ વિ.એ.પી.પી.શ્રીની મદદથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૫ વાળા પંચનામાને સંપુર્ણપણે સમર્થન પ્રાપ્ત થતુ ન હોવાનું જણાઈ આવે છે.

ત્યારબાદ,ફરીયાદપક્ષે આંક–૧૭ થી રજુ અટક પંચનામું પુરવાર કરવા સારુ આંક–૧૬ થી પંચ સાહેદ જીતુભાઈ રાવતભાઈ રેણુકાને તથા આંક–૨૧ થી પંચ સાહેદ છગનભાઈ બાવભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદોની જુબાની ધ્યાને લેતા તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલ હોવાની અને તે સીવાય તેઓ કંઈ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે. સદર પંચ સાહેદોની બચાવપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેમજ વિ.એ.પી.પી.શ્રીની મદદથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. આમ, સદર પંચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને પુરવાર કરવામાં મદદરૂપ થતો ન હોવાનું જણાઈ આવે છે.

(૭.૨).. ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ રાઘવભાઈ પુંજાભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''બનાવ આજથી આશરે કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી. બનાવ કયારે અને શુ કોની વચ્ચે બનેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો. બનાવની હકિકત વિશે હું કશું જાણતો નથી. આરોપી અમારા ગામના હોવાથી હું તેમને ઓળખુ છુ.''ત્યારબાદ બચાવપક્ષની સમંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

ત્યારબાદ,બચાવપક્ષ દવારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૭.૩).. ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ ભોળાભાઈ રાઘવભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''બનાવ આજથી આશરે કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી. બનાવ કયારે અને શુ કોની

વચ્ચે બનેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો. બનાવની હકિકત વિશે હું કશું જાણતો નથી. આરોપી અમારા ગામના હોવાથી હું તેમને ઓળખુ છુ.''ત્યારબાદ બચાવપક્ષની સમંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

ત્યારબાદ,બચાવપક્ષ દવારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૦૮).. **<u>પુરાવાનું મૂલ્યાંકન :-</u>**

**(૮.૧)..** ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લેતાં આરોપી સામે ઈ.પી.કો.કલમ-૫૦૬(૨) હેઠળના ગુનાનો આક્ષેપ છે. પરંતુ સદર ધમકીથી ફરિયાદીને ખરેખર કોઈ ડર લાગેલ હોય કે તેઓના મનમા કોઈ એલાર્મ ક્રિએટ થયેલ હોય કે સદર ધમકીના કારણે મુળ ફરિયાદી પોતાની રોજીંદી કોઈ ક્રિયાઓ કરતા અટકેલ હોય તેવી કોઈ હકિકતનો, કોઈ પુરાવા ફરિયાદપક્ષે રજુ રાખેલ નથી. આથી નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને કલમ-૫૦૬(૨) હેઠળના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૮.૨).** આ કામે મુળ ફરિયાદી પોતાની આંક-૦૯ ની ફરિયાદમાં ફરિયાદપક્ષના કેસને કાંઈક અંશે સમર્થન આપવા પ્રયત્ન કરે છે. પરંતુ આ કામે અન્ય કોઈપણ સાહેદ ફરિયાદપક્ષના કેસને કોઈપણ સમર્થન આપતા નથી. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો પોતે ફકત તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવે છે અને પંચનામાની કોઈ હકિકતને સમર્થન આપતા નથી.

**(૮.૩)..** આ કામે મુળ ફરિયાદીએ જણાવેલ છે કે વાદગ્રસ્ત બનાવમાં સાહેદ રાઘવભાઈ પરમાર તથા ભોળાભાઈ પરમારનાઓ બનાવ વખતે સ્થળે હાજર હતા, પરંતુ તેઓ બનાવ જોતા હતા અને ફરિયાદીને બચાવેલ નહી. આમ, મુળ ફરિયાદ મુજબ સાહેદ રાઘવભાઈ તથા ભોળાભાઈ બનાવના નજરે જોનાર સાહેદ છે. પરંતુ તેઓ પોતાની જુબાનીમાં પોતે બનાવ વિશે કશું જાણતા ન હોવાનું સદર બં ને સાહેદો જણાવે છે. આ ઉપરાંત મુળ ફરિયાદમાં બનાવ સમયે સાહેદ જાદવભાઈ સરપંચ પણ આવેલ હોવાનું જણાવે છે, પરંતુ તેઓને ફરિયાદપક્ષના સાહેદ તરીકે તપાસેલ નથી. આ ઉપરાંત સાહેદ ભરતભાઈ બાધાભાઈ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

પરમાર તથા ભાવભાઈ શીબાભાઈ પરમાર મુળ ફરિયાદીને સારવાર માટે લઈ ગયેલ હોવાની હકિકત ફરિયાદી પોતાની ફરિયાદમાં જણાવે છે, જે સાહેદોને પણ ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલ નથી. આ કામે મુળ ફરિયાદી પોતાની ઉલટતપાસમાં કબુલ રાખે છે કે ''એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારું નામ, સરનામું અને ઉંમર અને જ્ઞાતિ વિશે પુછેલ તે સિવાય બીજુ કાંઈ પુછેલ નથી.'' આમ આ કામની ફરિયાદ મુળ ફરિયાદીએ લખાવેલ હોવાની હકિકત બાબતે પણ શંકા ઉદ્દભવે છે. મુળ ફરિયાદી પોતાની જુબાનીમાં વાદગ્રસ્ત બનાવ કયા સમયે બનેલો તે જણાવતા નથી એટલું જ નહી, સદર બનાવ બપોરે, રાત્રે કે સાંજના સમયે બનેલ તેવી પણ કોઈ હકિકત જણાવતા નથી. શકય છે કે તે વ્યકિતને બનાવનો ચોકકસ સમય યાદ રહેલ ન હોય, પરંતુ બનાવ સવારે, બપોરે અથવા સાંજે અથવા રાત્રે બનેલ હોય તે બાબતે સાહેદ ચોકકસપણે જણાવી શકે. પરંતુ જયારે ફરિયાદીએ પોતાની જુબાનીમાં બનાવનો કોઈ સમય જ જણાવતા ન હોય, ત્યારે ફરિયાદપક્ષના કેસને આ બાબત થી પણ કાંઈક અંશે નુકશાન થતું હોવાનું મારૂ નમ્રતાપૂર્વક માનવું છે. વળી આ કામે ફરિયાદપક્ષનો કેસ ઘ્યાને લેતા મુળ ફરિયાદીને સૌ પ્રથમ કુહાડીનો ઘા માથાના ભાગે મારતા લોહી નીકળવા લાગેલ અને ફરિયાદી નીચે પડી ગયેલ તેવી હકિકત ફરિયાદી પોતાની ફરિયાદમાં જણાવે છે. આ ઉપરાંત ફરિયાદીના ડાબા હાથના બાવડા ઉપર અને જમણા હાથની પહેલી આંગળી ઉપર પણ ઈજા થયેલ હોવાનું ફરિયાદી પોતાની ફરિયાદમાં જણાવે છે. પરંતુ અદાલત સમક્ષની જુબાનીમાં ફરિયાદીને થયેલ સદર મુખ્ય ઈજા કે જે માથાના ભાગે કુહાડીના ઘા મારવાથી થયેલ હોય તે ફરિયાદી પોતાની જુબાનીમાં શરૂઆતમાં જણાવતા નથી અને પોતે દેકારો કરતા રાઘવભાઈ તથા ભોળાભાઈ આવી તેઓને વધુ મારમાંથી છોડાવેલ તેવી હકિકત જણાવી, તે બાદ આરોપીએ કુહાડીના ઘા માથાના ભાગે મારેલ હોવાની હકિકત જણાવે છે. મુળ ફરિયાદી પોતાની ફરિયાદમાં સ્પેસિફીક રીતે જણાવે છે કે સાહેદ રાઘવભાઈ તથા ભોળાભાઈ બનાવ સમયે હાજર હતા પરંતુ મુળ ફરિયાદીને બચાવવા માટે આડા આવેલ નહી. જયારે અદાલત સમક્ષની જુબાનીમાં સદર બંને સાહેદોએ મુળ ફરિયાદીને વધુ માર માંથી છોડાવેલ હોવાની હકિકત ફરિયાદી પોતાની જુબાનીમાં જણાવે છે. આમ ઉપરોકત તમામ બાબતોની સંયુકતઅસર ઘ્યાને લેતા ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા જોખમકારક જણાય આવે છે. ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવો ઘ્યાને લેતા ફકત મુળ ફરિયાદી સિવાય બીજા કોઈપણ સાહેદ ફરિયાદપક્ષના કેસને કાઈજ સમર્થન આપતા નથી. મુળ ફરિયાદી પણ પોતાની ઉલટતપાસમાં પોલીસે તેઓનું નામ સરનામું, ઉંમર તથા જ્ઞાતિ સિવાય કાઈ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

પુછેલ ન હોવાનું જણાવે છે. જેથી ફરિયાદ મુળ ફરિયાદીએ લખાવેલ ન હોય તેમ ખુબજ સંભવિત જણાઈ છે. મુળ ફરિયાદીએ મુળ ફરિયાદમાં જણાવેલ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને ફરિયાદીની જુબાની તથા ફરિયાદ વચ્ચે કોન્ટ્રાડિકશન હોવાનું જણાય આવે છે. જેથી એક નિર્દોશ વ્યકિતને સજા કરી દેવાનું જોખમ ટાળવા માટે આરોપીને શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાઈ છે. જેથી ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી : મમદભાઈ ઉર્ફે મામદ ઉર્ફે મહમદ વલ્લભભાઈ પરમાર, ઉ.વ.આ.૩૨, રહે.બાબરીયાધાર, પાવર હાઉસ પાસે, દે.પુ.વાસ તા.રાજુલા,જિ.અમરેલી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી. કો. કલમ– ૩૨૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં રજુ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીઓએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ:–૧૧–૦૬–૨૦૨૬**
**સ્થળ:–રાજુલા**

**(રાકેશકુમાર વસંતલાલ સોની)**
**એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,રાજુલા**
**જજીસ કોડ નં.જી.જે.૦૧૧૯૩**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula